॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥



પ્રેરણા બાળ સભા માર્ગદર્શિકા




॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥
પ્રેરણા બાળ સભા
માર્ગદર્શિકા



यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥

॥ सनातन सत्पंथ ॥
तीर्थधाम-प्रेरणापीठ


॥ ॐ श्री निष्कलंकी नारायणाय प्रसन्नोस्तु ॥



हनिष्यति कलेरन्ते म्लेच्छो तुरंगवाहनः।
धर्मसंस्थापनार्थाय तस्मैकल्क्यात्मने नमः॥

पंचरत्न गीता-१०

ભાવાર્થ : ધર્મની થયેલી હાનિ પછી ધર્મની પુનઃ સ્થાપના માટે કલિયુગને અંતે અશ્વારૂઢ થઈને જે અવતાર ધારણ કરશે તે શ્રી નિષ્કલંકી (કલ્કિ) ભગવાનને હું નમસ્કાર કરું છું.


સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ
આદ્ય જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ
બ્રહ્મલીન જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજ



શ્રી નિષ્કલંકી નારાયણ તીર્થધામ-પ્રેરણાપીઠ સંચાલિત
પ્રેરણા બાળ સભા બાળ દોસ્તો માટે સનાતન સત્‌પંથ સંપ્રદાયની
પાયાની ભૂમિકાને સુદૃઢ કરાવતી પુસ્તિકા....

પ્રેરણા બાળ સભા માર્ગદર્શિકા

: પ્રકાશક :
શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ
તીર્થધામ-પ્રેરણાપીઠ, તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫

પ્રકાશક : શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ
તીર્થધામ-પ્રેરણાપીઠ, તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫

પ્રેરણા બાળ સભા માર્ગદર્શિકા

પ્રથમ આવૃતિ : ઓક્ટોબર,૨૦૨૩ - પ્રત : ૨૦૦૦

મૂલ્ય :

મુદ્રક :

અનુક્રમણિકા

પ્રસ્તાવના

- પ્રેરણા બાળસભા એટલે બાલ-બાલિકાઓની આગવી સભા.
- પ્રેરણા બાળ સભા દ્વારા સુસંસ્કાર મળે તેનાથી જીવન ઘડતર કરાય.
- સુદૃઢ ઘડતર પામેલ જીવન ખૂબ સુંદર અને કલ્યાણકારી જ બને, જે મને ગમે, તમને ગમે, સૌને ગમે, પ્રભુનેય ગમે...
- વિરાટ વિશ્વના કોઈ પણ ખૂણે સુખ અને શાંતિપૂર્વક જીવન જીવી શકાય...

વ્હાલા બાળ દોસ્તો...,

આપણામાં સુસંસ્કારોનું સિંચન થાય અને તે મુજબ આપણું જીવન વ્યવસ્થિત રીતે ઘડાય તે હેતુને ધ્યાનમાં લઈ બ્રહ્મલીન આદ્ય જગદ્ગુરુ શ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી પરમ પૂજ્ય બ્રહ્મલીન શામજીદાદાની મહેનત અને ધગશથી બાળ શિબિરોની શરૂઆત ૧૯૯૩માં કરેલ. વર્તમાન પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજ ચિંતન કરી, પ્રોત્સાહિત કરી પ્રેરણા બાળસભાને જીવંત અને અસરકારક બનાવી રહ્યા છે ત્યારે સમગ્ર સંતન-મહંતન તેમજ સેવાભાવી કાર્યકરો પણ આપણા સૌને માટે ચિંતન કરી પુરુષાર્થ કરે છે. આપણા સૌનું ખૂબ જ ધ્યાન રાખે છે. સૌને ખૂબ જ વ્હાલ કરે છે.

ચાલો બાળ દોસ્તો...આપણે સૌ નાનાં નાનાં બાળકો સુસંસ્કારિત જીવન ઘડતરની વાતો વાંચીએ, વિચારીએ, મનન કરીએ, વારંવાર પાઠ કરીએ અને આપણા જીવન રૂપી બાગમાં સુસંસ્કારી સુગંધને ભરી દઈએ. જીવનલક્ષી સુસંસ્કારો પ્રાપ્ત કરી કુટુંબ પરિવાર, સમાજ, રાષ્ટ્ર માટે એક આદર્શ નાગરીકનું નિર્માણ થાય અને જીવનમાં પ્રગતિના ગિરિ શિખરો સર કરો એવી શ્રી સદ્ગુરુ મહારાજના ચરણોમાં અભ્યર્થના સહ જય ગુરુદેવ...

સત્પંથ પ્રકાશન સમિતિ
તીર્થધામ પ્રેરણાપીઠ, તા.દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫

પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજના

■ શુભ આશિષ ■



જય ગુરુદેવ...

નાનાં નાનાં બાલ-બાલિકાઓમાં નાનપણથી જ સુસંસ્કારોનું સિંચન થાય, ભગવાન મહાપ્રભુ શ્રી નિષ્કલંકી નારાયણમાં પૂર્ણ આસ્થા ભાવ પ્રગટે તથા સત્‌પંથ સનાતન ધર્મમાં દઢતા આવે તેમજ ભૂલકાઓમાં ધર્મનું પાયાનું જ્ઞાન જાગૃત થાય તે માટે આ પુસ્તિકા “પ્રેરણા બાળસભા માર્ગદર્શિકા” તીર્થધામ-પ્રેરણાપીઠ દ્વારા તૈયાર થઈ છે. આજના સાંપ્રત સમયમાં પ્રત્યેક બાલ-બાલિકાઓને ધર્મલાભ પ્રાપ્ત થાય તેવા અંતરના આશીર્વાદ.

-પૂ. જગદ્‌ગુરુ સતપંથાચાર્ય
શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજના જય ગુરુદેવ.

3. સપ્ત સદ્ગુણ

બાળકના સર્વાંગી વિકાસ માટેના સપ્ત સદ્ગુણો
આ સપ્ત સદ્ગુણો રૂપી પુષ્પની પાંખડીઓ દ્વારા
બાલ-બાલિકાઓનું જીવન સુગંધથી મહેંકી ઊઠે છે

૧. સત્ય -

- સત્યનું પાલન કરવું.
- સત્ય બોલવાનો આગ્રહ રાખવો.
- સત્યને જીવનમાં પૂર્ણતાપૂર્વક અપનાવવું. સત્ય ધારણ કરવાથી પરેશાન થવાય છે પરંતુ સત્ય પરાજિત થતું નથી.

૨. અહિંસા -

- પ્રાણી માત્ર પર દયા ભાવ રાખવો.
- કોઈ પણ પ્રાણીને દુઃખ ના આપવું. કોઈ પણ પ્રાણીની હિંસા ના કરવી.
- સત્પંથ માર્ગમાં અહિંસા એ એક મહાન તત્ત્વ છે.
- પશુ-પક્ષી કે અન્ય પ્રાણીને મારવાથી હિંસા થાય છે તેમજ કોઈને “માર” એટલું કહેવાથી કે લાગણી દુભાવવાથી પણ હિંસા થાય છે.

૩. પ્રેમ -

- સર્વ પ્રાણી પર પ્રેમભાવ રાખવો.
- પ્રેમથી સર્વ જગતને જીતી શકાય છે. પ્રેમથી બધાના વ્હાલા બની શકાય છે.
- ઝડપી દોડવું એ ઘોડાનો ગુણ ધર્મ છે, વફાદારી એ કૂતરાનો ગુણ ધર્મ છે, ચપળતા એ ચિત્તાનો ગુણ ધર્મ છે, તેમ પ્રેમ એ મનુષ્યનો ગુણ ધર્મ છે.

- કોઈના પ્રત્યે દ્વેષ તિરસ્કાર કે અદેખાઈ ના રાખતાં એકબીજા પ્રત્યે પ્રેમ ભાવથી રહેવું. દોષો તરફ ના જોતાં ગુણ ગ્રહણ કરી પ્રેમથી રહેવું.

૪. કરુણા -

- કરુણા એ મનુષ્યતાનો આત્મીય ગુણ છે.
- કોઈપણ પ્રાણીને દુઃખી દેખી મનમાં કરુણાનો ભાવ જગાડી બનતી મદદ કરવી. કોઈપણ વ્યક્તિના જીવનમાં વિકટ કે કપરી પરિસ્થિતિમાં તેમનો સહયોગ કરી કરુણા ભાવ વ્યક્ત કરવો.
- જરૂરિયાત મંદોને મદદ કરી કરુણા ભાવ જગાડવો.

૫. ધીરજ -

- ધીરજ એ ક્રોધ પર કાબૂ મેળવવા માટેનું અસરકારક પરિબળ છે.
- કોઈપણ પરિસ્થિતિમાં ધીરજથી કામ લેવાથી સફળતા મેળવી શકાય છે.
- ધીરજ રાખવાથી મોટા નુકસાનોમાંથી બચી શકાય છે.
- કોઈપણ કામ કરતી વખતે ઉતાવળ ના કરતાં સમજી વિચારીને ધીરજપૂર્વક કામ કરવું.
- ધીરજનાં મીઠાં ફળ હોય છે.

૬. ક્ષમા -

- ક્ષમા એ વીર પુરુષ/શક્તિશાળી પુરુષનું આભૂષણ છે.
- આપણને જાણતાં અજાણતાં દુઃખ કે કષ્ટ આપનારને કે દયાની યાચના કરનારને ક્ષમા આપવી.

૭. પ્રમાણિકતા

- જીવનમાં પ્રમાણિકતાના ગુણથી પ્રગતિ કરી શકાય છે. પ્રમાણિકતાનો ગુણ માણસને મહાન બનાવે છે.
- પ્રમાણિકતા એ આધ્યાત્મિક માર્ગનું પ્રાથમિક/આવશ્યક પરિબળ છે.
- કોઈપણ પરિસ્થિતિમાં પ્રમાણિકતા દાખવવી.

(૪) સફળતાની એ બી સી ડી

A = Aim - જીવનનું ધ્યેય.
B = Belief - સ્વમાં આત્મવિશ્વાસ.
À = Concentration - કાર્યમાં એકાગ્રતા.
D = Discipline - શિસ્તમય જીવન.
E = Effort. - પુરુષાર્થ પ્રત્યે પ્રેમ.
F = Faith. - પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા.

(૫) સંકલ્પ નારા

આદર્શ બાળક........હમ બનેંગે.
આદર્શ વિદ્યાર્થી.......હમ બનેંગે.
આદર્શ નાગરિક.......હમ બનેંગે.
આદર્શ સત્પંથી.......હમ બનેંગે.

પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય
શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજની પ્રેરણાથી

પ્રાર્થના

ૐ
અસતો મા સત્‌ગમય
તમસો મા જ્યોતિર્ગમય
મૃત્યુ મા અમૃતગમય (ઋગ્વેદ)

(૬)હમારા સંકલ્પ

મહાજનો યેન ગતઃસ પંથા,
સત્‌પુરુષ યેન ગતઃસ પંથા (૧)

સત્‌પુરુષ ચલતે હૈં "સત્" કે પથ પર,
હમ ચલેંગે "સત્" કે પથ પર.....(૨)

સત્‌પુરુષ ચલતે હૈં " બ્રહ્મ" કે પથ પર,
હમ ચલેંગે "બ્રહ્મ" કે પથ પર .....(૩)

સત્‌પુરુષ ચલતે હૈં "વેદ" કે માર્ગ પર,
હમ ચલેંગે "વેદ" કે માર્ગ પર.....(૪)

સત્‌પુરુષ કરતે હૈં "ૐ" કી ઉપાસના,
હમ કરેંગે "ૐ" કી ઉપાસના .....(૫)

સત્‌પુરુષ કરતે હૈં "પરમાત્મા" કી ઉપાસના,
હમ કરેંગે "પરમાત્મા" કી ઉપાસના.....(૬)

સત્‌પુરુષ કરતે હૈં "સત્" કી પૂજા,
હમ કરેંગે "સત્" કી પૂજા .....(૭)

સત્‌પુરુષ જીતે હૈં "બ્રહ્મ રૂપ" બન કર,
હમ જીયેંગે "બ્રહ્મ રૂપ" બનકર.....(૮)

સત્પુરુષ જીતે હૈં "નિષ્કલંક" બન કર,
હમ જીયેંગે "નિષ્કલંક" બન કર.....(૯)

સત્પુરુષ જીતે હૈં "હિંદુ" બન કર,
હમ જીયેંગે "હિંદુ" બન કર.....(૧૦)

સત્પુરુષ જીતે હૈં "સનાતની" બન કર,
હમ જીયેંગે "સનાતની" બન કર.....(૧૧)

સત્પુરુષ જીતે હૈં "સત્પંથી" બન કર,
હમ જીયેંગે "સત્પંથી" બન કર.....(૧૨)

સત્પુરુષ કરતે હૈં "શિક્ષાપત્રી" કા પાલન,
હમ કરેંગે "શિક્ષાપત્રી" કા પાલન.....(૧૩)

સત્પુરુષ કરતે હૈં "સદાચાર" કા પાલન,
હમ કરેંગે "સદાચાર" કા પાલન ......(૧૪)

સત્પુરુષ કરતે હૈં "પરબ્રહ્મ" કા ધ્યાન,
હમ કરેંગે "પરબ્રહ્મ" કા ધ્યાન......(૧૫)

સત્પુરુષ જાતે હૈં "સદ્ગુરુ" કે શરણ,
હમ જાયેંગે "સદ્ગુરુ" કે શરણ......(૧૬)

(૭)ચાલો, બાળ દોસ્તો આપણે નીચે દર્શાવેલા નિયમોનું પાલન કરીએ

- બાળ સભામાં સમયસર હાજરી આપીએ...
- ધર્મધ્વજને શિસ્તબદ્ધ રીતે પ્રણામ કરીએ...
- બાળ સભામાં જે શીખવવામાં આવે તે ધ્યાનથી શ્રવણ કરીએ...
- બાળ સભામાં જે પૂછવામાં આવે તેના સચોટ જવાબો આપીએ...
- પ્રાર્થના, આરતી, શિખામણ, ધૂન, મંત્રો, સ્તુતિ વગેરે મધુર સ્વરે એક સાથે ગાઈએ...
- ચાલુ સભામાં અંદર અંદર વાતો નહિ કરીએ...
- ચાલુ સભામાં તોફાન-મસ્તી નહિ કરીએ...
- સભામાં સ્વયં શિસ્ત જાળવી રાખીએ...
- સભા પૂરી થયા બાદ ધર્મ ધ્વજને પ્રણામ કરીએ...
- સભા પૂર્ણ થયા બાદ સંતોને, બાળ સારથીઓને તેમજ બાળ દોસ્તોને વંદન કરી સૌને જય ગુરુદેવ કહી વિદાય લઈએ...
- બાળ સભાના દરેક બાળકને માન સન્માનથી બોલાવીએ...
- સભા સંચાલન સારથીઓને આદર આપીએ...
- બૂટ-ચપ્પલ લાઈનબંધ ઉતારીએ...

પ્રેરણા બાળ સભા સમય સારણી

ક્રમ	વિગત	સમય
A	સભા પ્રારંભ	૫ મિનિટ
	૧. ધર્મ ધ્વજ આરોહણ. ૨. ધર્મ ધ્વજ પ્રણામ. ૩. સ્તુતિ. ૪. પ્રાર્થના. ૫. જયઘોષ.	
B	બૌધિક	૨૫ મિનિટ
	૧. મંત્રો – વય જૂથ મુજબ મંત્રો તૈયાર કરવા. ૨. શિક્ષાપત્રીની સમજ. ૩. વારિયજ્ઞ - સમજ - મહત્ત્વ. ૪. સત્‌પંથનું સ્વરૂપ. ૫. પ્રેરણા ચરિત્રો (જીવન ચરિત્રો). ૬. બોધ વાર્તાઓ / બાળ વાર્તાઓ. ૭. હનુમાન ચાલીસા. ૮. શ્રી નિષ્કલંકી નારાયણ ચાલીસા. ૯. ધૂન ૧૦. આરતી ૧૧. સંતોની પુણ્યતિથિ - ઉજવણી. ૧૨. ધાર્મિક તહેવારો – મહત્ત્વ – ઉજવણી. ૧૩. નિત્ય દર્શનની સમજ. ૧૪. સત્‌પંથ તીર્થ સ્થાનો ૧૫. સત્‌પંથ સાહિત્યો.	

ક્રમ	વિગત	સમય
C	**સાંઘિક હળવી રમતો**	૨૦ મિનિટ
	◆ મન, બુદ્ધિ, શરીરના વિકાસને લગતી રમતો રમીએ. ◆ સંગઠન ભાવ વધે તેવી રમતો રમીએ. ◆ હાર જીત ગૌણ રાખીએ, રમતી વખતે ઈજા ન થાય તેનું ધ્યાન રાખીએ. ◆ વિજેતાને અભિનંદન આપીએ.	
D	**યોગ પ્રાણાયામ**	૭ મિનિટ
	૧. હળવાં આસનો. ૨. સૂર્ય નમસ્કાર. ૩. પ્રાણાયામ.	
E	**સમાપન**	૩ મિનિટ
	૧. શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી મંત્ર. ૨. નારા. ૩. રાષ્ટ્રગાન. ૪. ધ્વજ અવરોહણ (ઉતારવો). ૫. પ્રસાદ વિતરણ. ૬. વિસર્જન.	

પ્રેરણા - બાળસભા અંગે :

૧. દર શનિવારે સાંજે એક કલાક માટે બાળ સભા યોજવી.

૨. બાળ સારથીની હાજરી હાજરીપત્રકમાં પૂરવી.

૩. અહેવાલ બનાવવો (ડોક્યુમેન્ટ ફાઈલ બનાવવી).

૪. ફોટા અપલોડ કરવા (જૂથ સારથીને).

૫. માસના અંતે હાજરી અહેવાલ જૂથ સારથીને આપવો.

(A) સમય સારણી મુજબ પ્રેરણા બાળસભા માર્ગદર્શન

(૧) સભા પ્રારંભ

૧. ધર્મ ધ્વજારોહણ.

ધ્વજને પૂરા આદર-સન્માન સાથે ઊભા રહીને આરોહણ કરવું.

૨. ધ્વજ પ્રણામ.

૩. ધ્વજારોહણ બાદ ધ્વજને પ્રણામ કરવા.

૪. સ્તુતિ (સમૂહગાન).

(૨) સ્તુતિ

ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુઃ, ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરર્વે નમઃ ।।

ધ્યાન મૂલમ્ ગુરુર્મૂર્તિ, પૂજા મૂલમ્ ગુરુર્પદમ્ ।
મંત્રમૂલમ્ ગુરુર્વાક્યમ્, મોક્ષમૂલમ્ ગુરુર્કૃપા ।।

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ ।।

ૐ સહુનાવવતું, સહનૌભુનક્તુ, સહવીર્યમ્ કરવાવહે
તેજસ્વીનાવધિતમસ્તુ માવિદ્વિષાવહે,
ૐ શાંતિઃ । ૐ શાંતિઃ ।ૐ શાંતિઃ ।।

(૩) પ્રાર્થના

૧

ઓ ! ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત્ય ગાઈએ, થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખીએ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.

૨

વંદન કરીએ શ્રી પ્રભુ તમને...વંદન કરીએ શ્રી પ્રભુ તમને...
પહેલું વંદન માત પિતાને, બીજુ વંદન ગુરુજી તમને
ત્રીજું વંદન સરસ્વતી માતાને, ચોથું વંદન આદ્યશકિત માને,
પાંચમું વંદન પરમેશ્વરને, સદ્‌બુદ્ધિ આપો પ્રભુજી અમને
વંદન કરીએ શ્રી પ્રભુ તમને...વંદન કરીએ શ્રી પ્રભુ તમને...

૩

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો, તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો સાથી તુમ્હી સહારે, કોઈ ન અપના સિવા તુમ્હારે
તુમ્હી હો નૈયા તુમ્હી હી હો ખેવૈયા, તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો...
જો ખીલ શકે ના વો ફૂલ હમ હે, તુમ્હારે ચરણોકી ધૂલ હમ હૈ...
દયાકી દષ્ટિ સદા હી રખના, તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો...
તુમ્હી હો માતા પિતા તુમ્હી હો...

૪

સૌનું કરો કલ્યાણ હો, દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.
માણસ પશુ પંખીની સાથે, જીવ જંતુનું તમામ...સૌનું...
દુનિયામાં દુષ્કાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ ...સૌનું...

પોત પોતાના ધર્મ પ્રમાણે, સૌ ભજે ભગવાન...સૌનું...
સર્વે જગે સુખકારી વધે ને, વળી વધુ ધન ધાન...સૌનું...

કોઈ કોઈનું બૂરું ન ઇચ્છે, ઇચ્છે સૌનું સમાન...સૌનું...

૫

મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સરજનહારા રે,
પળપળ તારાં દર્શન થાયે, દેખે દેખણહારા રે...મંદિર તારું..

નહિ પૂજારી નહિ કોઇ દેવા, નહિ મંદિરને તાળાં રે,
નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા રે... મંદિર તારું..

વર્ણન કરતાં શોભા તારી, થાક્યા કવિગણ ધીરા રે,
મંદિરમાં તું ક્યાં છુપાયો, શોધે બાળ અધીરાં રે...મંદિર તારું..

૬

હે પરમેશ્વર મંગલદાતા, છીએ અમે સૌ તારાં બાળ,
દે દરશન તુજ દિવ્ય મનોહર, વંદન કરીએ વારંવાર...
સવાર પડે ને પંખી જાગે, કિલકિલ ગાયે તારું ગાન,
ઝાલર ઝણણે મંદિર ગૂંજે, જય જય થાયે તારું નામ...
પરહિતકારી તું છે સ્વામી, સકલ જગતનો સર્વાધાર,
નાના મોટા સૌ માનવનો, એક જ તું છે તારણહાર...

ઊંચે આભ ને નીચે ધરતી, સઘળે તારા છે આવાસ,
આશિષ અમને એવા દેજે, સદા રહે તારો સહવાસ...
ભણતર ગણતર એવું દેજે, દેજે ભક્તિ ને તુજ જ્ઞાન,
માતાપિતા ને સંતગુરુના, આશીર્વાદનું કરીએ પાન...

૭

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે...મૈત્રીભાવનું.

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે...મૈત્રીભાવનું.

દીન દુઃખી ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ વહે,
કરુણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્ત્રોત વહે...મૈત્રીભાવનું.

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોય સમતા ચિત્ત ધરું...મૈત્રીભાવનું.

ચિત્રભાનુની ધર્મ ભાવના હૈયે, સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે...મૈત્રીભાવનું.

૮

તેરી પનાહ મેં હમે રખના, શીખે હમે નેક રાહ પર ચલના.
કપટ કર્મ ચોરી બેઈમાની, ઔર હિંસા સે હમકો બચાના,
નાલી કા બન જાઊ ન પાની, નિર્મલ ગંગા જલ હી બનાના,
અપની નિગાહ મેં હમે રખના, શીખે હમે નેક રાહ પર ચલના.
તેરી પનાહ મેં હમે રખના.

ક્ષમાવાન કોઈ તુજસા નહીં ઔર, મુજસા નહીં કોઈ અપરાધી,
પુણ્ય કી નગરી મેં ભી મૈને, પાપો કી ગઠરી હી બાંધી,
કરુણાકી છાવ મેં હમે રખના, શીખે હમે નેક રાહ પર ચલના.
તેરી પનાહ મેં હમે રખના.

૯

ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો, પ્રભુ મારા વંદન.. પ્રભુ મારા વંદન,
ભલે ના નિહાળું, નજરથી તમોને, મળે ગુણ તમારા, સફળ મારું જીવન...
ગમે તે સ્વરૂપે...
જનમ જો અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા, ન કર્યો ધર્મ કે.. તમોને સંભાર્યા,
હવે આ જીવનમાં, કરું હું વિનંતી, સ્વીકારો તમે તો, તૂટે મારાં બંધન...
ગમે તે સ્વરૂપે...
મને હોંશ એવી.. ઉજાળું જગતને, મળે જો કિરણ મારાં.. મનના દિપકને,
તેથી તેજ આપો.. જલાવું હું જ્યોતિ અમર પંથે સહુ ને.. કરાવે તું દર્શન...
ગમે તે સ્વરૂપે...

૧૦

એક જ દે ચિનગારી, મહાનલ ! એક જ દે ચિનગારી,
ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી...
મહાનલ ! એક જ દે ચિનગારી...
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી...
મહાનલ ! એક જ દે ચિનગારી...
ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી...
મહાનલ ! એક જ દે ચિનગારી...

૧૧

નૈયા ઝૂકાવી મેં તો, જોજે ડૂબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો, જોજે રે બુઝાય ના...
સ્વારથનું સંગીત, ચારે કોર બાજે,
કોઈ નથી કોઈનું, આ જગમાં આજે,
તનનો તંબૂરો જોજે, બેસૂરો થાય ના...ઝાંખો
પાપ ને પુણ્યના, ભેદ રે ભૂલાતા,
રાગ ને દ્વેષ આજે, ઘરઘર ઘુંટાતા,
જોજે આ જીવતરમાં, ઝેર પ્રસરાય ના...ઝાંખો
શ્રદ્ધાના દીવડાને, જલતો જ રાખજે,
નિશદીન સ્નેહ કેરું, તેલ તેમાં પૂરજે,
મનના મંદિરને જોજે, અંધારું થાય ના...ઝાંખો

૧૨

ઈતની શકિત હમેં દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના,
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલકર ભી કોઈ ભૂલ હોના,
ઈતની શકિત હમેં દેના દાતા...
દૂર અજ્ઞાન કે હો અંધેરે, તું હમે જ્ઞાન કી રોશની દે,
હર બૂરાઈ સે બચતે રહે હમ, જિતની ભી દે ભલી જિંદગી દે,
બૈર હોના કિસીકા કિસીસે, ભાવના મન મે બદલે કી હો ના,
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલકર ભી કોઈ ભૂલ હોના,
ઈતની શકિત હમેં દેના દાતા...
હમ ના સોચેં હમે કયા મિલા હે, હમ યે સોચે કીયા કયા હૈ અર્પણ,
ફૂલ ખુશીયો કે બાંટે સભીકો, સબકા જીવન હી બન જાયે મધુવન,
અપની કરુણા કા જલ તુમ બહા કર, કર દે પાવન હર એક મન કા કોના,
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલકર ભી કોઈ ભૂલ હોના,
ઈતની શકિત હમેં દેના દાતા...

૧૩

વૈષ્ણવ જન તો તેને કહીયે, જે પીડ પરાયી જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ના આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલ, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણ લોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે.

(૪) જયઘોષ

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય...
શ્રી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કી જય...
સનાતન સત્‌પંથ ધર્મ કી જય...
આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજ કી જય
પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજ કી જય
તીર્થધામ-પ્રેરણાપીઠ કી જય...

◆◆◆

૧૦ (B) બૌધિક :

૧. મંત્રો : વય જૂથ મુજબ મંત્રોનું પઠન કરાવવું.

ધોરણ	મંત્રો
૧-૨-૩ (વય જૂથ-૧)	સંસ્કૃતના શ્લોક – ૧ અને ૨ ૨) દીવા જયોતનો મંત્ર.
૪-૫-૬ (વય જૂથ - ૨)	૧) દીવા જયોતનો (૨) ઊગતા સૂર્યનો (૩) ધૂપ લોબાનનો (૪) પ્રસાદ જમ્યા પહેલાંનો (૫) પ્રસાદ જમ્યા પછીનો (૬) સંસ્કૃતના ચાર શ્લોક + પ્રાર્થના ૧ થી ૫ (૭) શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી મંત્ર.
૭-૮-૯ (વય જૂથ –૩)	(૧) દીવા જયોતનો (૨) ઊગતા સૂર્યનો (૩) ધૂપ લોબાનનો (૪) પ્રસાદ જમ્યા પહેલાંનો (૫) પ્રસાદ જમ્યા પછીનો (૬) સંસ્કૃતના ચાર શ્લોક (૭)શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી મંત્ર (૮) સર્વદેવને નમસ્કારનો (૯) ગુરુવંદના (૧૦) સદ્‌ગુરુની શિખામણ (૧૫ શ્લોક) (૧૧) પ્રાર્થના ૬ થી ૧૦.
૧૦-૧૧ (વય જૂથ - ૪)	(૧) દિવા જયોતનો (૨) ઊગતા સૂર્યનો (૩) ધૂપ લોબનનો (૪) પ્રસાદ જમ્યા પહેલાનો (૫) પ્રસાદ જમ્યા પછીનો (૬) સંસ્કૃતના ચાર શ્લોક (૭) શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી મંત્ર (૮) સર્વદેવોને નમસ્કારનો (૯) ગુરુવંદના (૧૦) સદ્‌ગુરુની શિખામણ (૨૫ શ્લોક) (૧૧) પ્રાર્થના ૧૧ થી ૧૬ (૧૨) ચંદ્રદર્શનનો (૧૩) આરતી - જય જગદીશ હરે.. (૧૪) પ્રાર્થના ઓ ઈશ્વર ભજીએ તને...

ધોરણ	મંત્રો
૧૨ કે તેથી વધુ (વય જૂથ - ૫)	(૧)દીવા જયોતનો (૨) ઊગતા સૂર્યનો (૩) ધૂપ લોબાનનો (૪) પ્રસાદ જમ્યા પહેલાંનો (૫) પ્રસાદ જમ્યા પછીનો (૬) સંસ્કૃતના ચાર શ્લોક (૭) શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી મંત્ર (૮) સર્વદેવોને નમસ્કારનો (૯) ગુરુવંદના (૧૦) સદ્‌ગુરુની શિખામણ (૫૦ શ્લોક) (૧૧) ભજન (માતાપિતાની આજ્ઞા પાળે) (૧૨) ચંદ્રદર્શનનો (૧૩) આરતી - જય જગદીશ હરે.. (૧૪) પ્રાર્થના ૧૧ થી ૧૩ (૧૫) સવાલ - જવાબ : ૧૦ (૧૬) થાળ અક્ષય પાત્રનો (૧૭) વિષ્ણુ સ્તુતિ.

૨. શિક્ષાપત્રી (સદ્ગુરુની શિખામણ)

- શિક્ષાપત્રી આપણા જીવન ઘડતરની શ્રેષ્ઠત્તમ ગીતા છે.
- આપણું જીવન ઘડતર કરે...
- આપણને પવિત્ર બનાવે...
- આપણું રક્ષણ કરે...
- આપણા સર્વાંગી વિકાસમાં સહાય કરે...
- આપણને સૌને ગમતા બનાવે...
- આપણને ભગવાનને ગમતા બનાવે...
- આપણને વિશ્વના શ્રેષ્ઠ નાગરિક બનાવે..
- આપણને ધાર્મિક બનાવે...
- આપણને શુદ્ધ અને સાત્ત્વિક બનાવે..
- આપણને સાચા સત્પંથી બનાવે...

સદ્ગુરુની શિખામણ

સદ્ગુરુ તણી શિખામણ સાચી, સાંભળો ઋષિવર એકાંતિ. ૧
દિન પર્તે કરો ધામ શું ધંધા, સાંજ પડે કરો હરિની સાધના. ૨
કોઈ કેની નવ કરશો નિંદા, જઈ ગત્ગંગામાં કરો વંદના. ૩
સદ્ગુરુ મુખે તમે નિત નિત રહ્યા, ઋષિવર કેરી યેહી સંધ્યા. ૪
એમ વંદો સંધ્યા ઋષિવર ભાઈ, મેલો ક્રોધ ન કરશો ઈર્ષાઈ. ૫
મન મારો તો મમતા મૂઈ, ધર્મશાળામાં ન રહેશો સૂઈ. ૬
ધર્મશાળામાં પર વાત ન કરશો, આહાર ઘણો કરી પેટ ન ભરશો. ૭
ભરશો પેટ તો ભારી થાશો, આવશે નિદ્રા પછી પસ્તાશો. ૮
હળવે પેટે હાંસલ થાશે, જાગતાં જીતશો સદ્ગુરુ સાથે. ૯
વડા મોટાની મરજાદે રહેજો, મોટા તણા બે અવગુણ સહેજો. ૧૦
દહાડો વડો તેને વરસ કરી જાણો, બોલો મીઠા વચને પ્રેમ જ આણો. ૧૧

આપણાથી જે નાનેરો ભાઈ, તેને બોલાવો મોટેરો કહી. ૧૨
મીઠા વચને બોલો વીરા, તમ મુખે તો ઝળકે હીરા. ૧૩
સદ્‌ગુરુ મળ્યાનો એ છે ભેદ, ઋષિવર ઋષિવરનો ન કરશો ખેદ. ૧૪
સાંભળે રૂડું ને આચરે કૂડું, નિશ્ચે તેનું થાશે જ ભૂંડું. ૧૫
આળસ નિદ્રા ન કરવી જાણી, જૂઠ તજો વેદ વચન પ્રમાણી. ૧૬
કૂડ કપટ સર્વે નાખો કાઢી, અમીરસ પી નિશાની લો દહાડી. ૧૭
ઘર થકી ધર્મશાળામાં આવો, ઉપજાવી ભાવ નિશાની લાવો. ૧૮
સંપત્ત ઉપજે તે તમે લાવો, મુખી સાથે નવ કરશો દાવો. ૧૯
દાવો કરે દુનિયાને ભાવે, આવે દારિદ્ર ને દેવ નહીં પાવે. ૨૦
અધર્મીને ઉણીયાચારી, જાણ્યું અજાણ્યું તે દે પ્રચારી. ૨૧
સૂતક લાઈ ભર્યા જો રહેશો, હાણ ઉપજશે બહુ દુઃખ સહેશો. ૨૨
અમી નિશાની નહીં લો દાડી, તો સદ્‌ગુરુ મેલશે ગતમાંથી કાઢી. ૨૩
ધર્મી ધીંગાણાની વાત ન જાણે, અધર્મી મનમાં ઓછું આણે. ૨૪
જ્ઞાન ધ્યાનમાં જુઓ વિચારી, હાણ વર્ધે દિલ માંહે જુઓ તપાસી. ૨૫
ધ્યાન ધરી તમે ઝાલો સ્મરણી, છાના છુપા કરો ઉત્તમ કરણી. ૨૬
એવા ગુણ ગંભીરે ભરીયા, ઋષિવર પાળો સોએ ક્રિયા. ૨૭
પ્રથમ હૃદય ધોઈ નિર્મળ કરવું, બીજી ક્રિયા નિત ન્હાઈને જમવું. ૨૮
સત્યે ચાલવું દિવસ ને રાત, તેમાં સાચું બોલવું નિશ્ચે વાત. ૨૯
દયા રાખવી દિલમાં જાણી, સુપાત્રને દાન દેવું પ્રાણી. ૩૦
પર દુઃખ જાણી પાસે રહેવું ભાઈ, મોટાને તો માનવા સહી. ૩૧
મોટાઈનો મન ગર્વ ન કરવો, દસમી ક્રિયા જે ક્રોધ ન કરવો. ૩૨
ધર્મ તણું આળસ ન કરવું, સરજયા સાથે ધ્યાન જ ધરવું. ૩૩
નિત નિત ગતમાં મલવું જાઈ, સદ્‌ગુરુ મુખીને મળવું ધાઈ. ૩૪
નિત નિત અમી પીએ તે ધર્મી, અહંકાર મૂકે તે નર કર્મી. ૩૫

જૂઠું ઋષિવરને બોલવું નહીં, અતિથિ અભ્યાગત સંતોષવા સહી. ૩૬
ભૂખ્યાંને અન્ન આપવું જાણી, તરસ્યાંને તો પાવું પાણી. ૩૭
નિર્વસ્ત્રને વસ્ત્ર આપી અર્થ જ લેવો, સગાં કુટુંબનો ભાર જ સહેવો. ૩૮
સઘળું સાંખી કરી ધ્યાન જ ધરવું, અવગુણ કરે તેનો ગુણ જ કરવો. ૩૯
ઓછું કોઈને આપવું નહીં, અદકું કોઈનું લેવું નહીં. ૪૦
વ્યભિચાર તો કરવો નહીં, ભૂંડી નજરે તો જોવું નહીં. ૪૧
જાણી- અજાણી ન દીજે ગવાહી, કૂડ કપટે ન ચાલશો ભાઈ. ૪૨
મુખથી મર ન કહેવું લગાર, વ્યાજ ખાય તેનો ન લેવો આહાર. ૪૩
હાડ વકરો કરે પાતક સહી, પશુ પાળીને વેચવું નહીં. ૪૪
ધરતીનું મૂલ ન કરશો માતા, કન્યા તણું રખે દ્રવ્ય જ ખાતા. ૪૫
લાંચ ન ખાવી એક રતી, ખોટું ખત નવ લખશો સતી. ૪૬
મેદાને જઈ પાંચ આચમન કીજે, ચાલીશ ક્રિયા ઋષિવર પાળી લીજે. ૪૭
માટી લઈને ધોવા હાથ, ન્હાઈ કરીને તન કરવું સાફ ૪૮
પાણી લઈને શૌચ ક્રિયા જ કરવી, આચમન ત્રણ કરે તે નર ધર્મી. ૪૯
અણગળ્યું નીર ન પીવું પ્રાણી, જીવતો જીવ ન મારવો જાણી. ૫૦
હિંગ તમાકુ ન ખાશો કોઈ, અમલ આહાર તજો નર જોઈ. ૫૧
દનીમાં બેસીને ખાવું નહીં, એઠું જૂઠું ન ખાશો ભાઈ. ૫૨
ગળીનાં વસ્ત્ર પહેરવાં નહીં, નીચની સંગત ન કરવી સહી. ૫૩
ઉપવાસ વ્રતની આશ ન ધરવી, કલ્કિ નારાયણની પૂજા કરવી. ૫૪
મેલી થાપણ ન રાખવી જાણી, વખત વેળા ન ચૂકશો પ્રાણી. ૫૫
અમર થઈએ તે જપીએ જાપ, વણ પૂછે ખાધે છે પાપ. ૫૬
પા- ઘડી જતી ન કરશો લગાર, ચાંપી આહાર ન લેશો લગાર. ૫૭
લાલચે પ્રીત ન કરવી ભાઈ, માતા કહી જાણો મોટી ભોજાઈ. ૫૮
અરું પરું નવ કરશો ઋષિ, પાડોશી દુભવી નવ કરશો દુઃખી. ૫૯

વિશ્વાસઘાત ન કરવો સહી, પડી જડી વસ્તુ ન લેવી ભાઈ. ૬૦
કોઈને આળ ન ચડાવવી જાણી, ઉછીનું ન રાખવું પ્રાણી. ૬૧
પારકું ધન લઈ ભાગવું નહીં, પુત્ર થઈને આપવું સહી. ૬૨
કોઈને ગાળ ન દેવી જાણી, મૂર્ખપણામાં ન રહેવું પ્રાણી. ૬૩
જ્ઞાન દ્દષ્ટે જોવું સૌને સરખું, શત્રુ કરે તે નવ જ કરવું. ૬૪
સાચો જૂઠો ન કરવો વાદ, જુઆ જૂગટાનો ન કરવો સ્વાદ. ૬૫
નાચ- છંદ ભવૈયા જોવા નહીં, એ છલ ભેદે સદ્‌ગુરુ ખોવા સહી. ૬૬
જમતાં દોષ ન કહેવો ભાઈ, વખાણવું પણ વખોડવું નહીં. ૬૭
પ્રભાતે ન્હાઈને બહાર નીસરવું, સંસાર કરે તે નવ જ કરવું. ૬૮
તપ તીર્થને કરવું સ્નાન, નિર્મળ થઈને ધરવું ધ્યાન. ૬૯
આપણા પ્રાણીને દુઃખ નવ દીજે, રાજ કાજથી પ્રીત નવ કીજે. ૭૦
હાલતાં- ચાલતાં ખાવું ન ખાશો, કુ-દર્શન કરી પછી પસ્તાશો. ૭૧
વેદ શાસ્ત્ર કહે તેમ કરવું સહી, ચતુરાઈ ચોખ્ખાઈમાં રહેવું ભાઈ. ૭૨
ઝેર ખાઈ ઝંપલાઈ ન મરવું, આવાગમનમાં ફરી અવતરવું. ૭૩
જોર જુવાનીને વશ જો કરવી, પરસ્ત્રી-પરપુરુષથી પ્રીત ન કરવી ૭૪
આગને એઠું પાણી ન છાંટવું જાણી, લીલું ઝાડ ન ભાંગવું પ્રાણી. ૭૫
પ્રભાતે ફૂલ ચૂંટવાનો છે બહુ દોષ, કલ્કિ પ્રભુને પૂજે પામો મોક્ષ. ૭૬
અવાચક પ્રાણીની આલ ન કરવી, ભોજન છોડી ઊઠ બેસ ન કરવી. ૭૭
એઠું પશુને ન આપવું પ્રાણી, એબ કોઈની ન ઉઘાડવી જાણી. ૭૮
ભાંજગડ કોઈની કરવી નહીં, સદ્‌ગુરુનાં વચન ન લોપવાં સહી. ૭૯
શિખામણ પૂછે તેને સાચી દીજે, લઈ માળા હરિનું સ્મરણ કીજે. ૮૦
પીઓ અમીરસ બ્રહ્માજી મળીયા, ઋષિવર પાળો સોએ ક્રિયા. ૮૧
નવા ધર્મીને ધર્મ અપાવો જોઈ, સો ક્રિયાની પહેરાવો જનોઈ. ૮૨
થયા બ્રાહ્મણ બ્રહ્માજી મળીયા, આવાગમનના ફેરા ટળીયા. ૮૩

ઋષિવર સાંભળો બ્રહ્મ જ્ઞાન, ગત્‌માં જઈ કરો ગંગા સ્નાન. ૮૪
બ્રહ્મ જ્ઞાન સદ્‌ગુરુને ભાવે, અડસઠ તીરથ ગુરુ ચરણે આવે. ૮૫
પ્રત્યક્ષ નારાયણ ગતમાં બેઠા, ભાગ્ય જેનાં સદ્‌ગુરુ જ્ઞાને દીઠા. ૮૬
જ્ઞાન ધ્યાનમાં જુઓ વિચારી, દુનિયા માંહે દેવ ગુપત અવતારી. ૮૭
ઋષિવર તે જે રાખે જ્ઞાન, નિર્મળ થઈને ધરવું ધ્યાન. ૮૮
મુનિવર તે જે વારે મન, કરે કસોટી કાયા રતન. ૮૯
ભણે હંસતેજજી સુણો ગત સોહી, ગતમાં બેસીને શ્રદ્ધા રાખો સબ કોઈ. ૯૦
જે સદ્‌ગુરુ આદ્ય તપસ્વી કહેલાએ, સો તપસ્વી જંબુદ્વીપમાં આવે. ૯૧
શ્રીહરિ જંબુદ્વીપે આવ્યા સહી, મુનિવરને આરાધો એક મના થઈ. ૯૨
સદ્‌ગુરુએ જંબુદ્વીપે પૂર્યો વાસ, તમે રાખો અમરાપુરની આશ. ૯૩
વાચા પાળો ઓચરો બ્રહ્મ જ્ઞાન, રહો ઋષિવર એકે ધ્યાન. ૯૪
જે રૂપે શ્રીહરિ હોય સહી, તે રૂપે જાપ જપવો મુનિવર ભાઈ. ૯૫
નીચા નમી- નમી પ્રણામ કરીએ, સદ્‌ગુરુએ નિવાસ કર્યો જંબુદ્વીપે. ૯૬
જો પૂરા પ્રેમસું ધર્મે ધાઓ, તો ઋષિવર અમરાપુરમાં જાઓ. ૯૭
અમરભેદે અમરાપુરી લેશો, ઋષિવર અમરગઢમાં રહેશો. ૯૮
અમર ફળનાં ભોજન કરશો, અનંત કલ્પની આવરદા ભોગવશો. ૯૯

ઋષિવર એક મને ગુરુની વાચા પાળો,
બોલ્યા હંસતેજજી અમરાપુર પામો. ૧૦૦

૩. વારિયજ્ઞ

- સત્‌પંથ એ વેદ આધારિત સંપ્રદાય છે.
- કળશ પૂજા(વારિયજ્ઞ)એ સર્વ દેવતાઓની ઉપાસનાનું ઉત્તમ સાધન છે.
- આદ્ય નારાયણ, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અને આદ્ય શક્તિ સાથે સર્વ દેવોનું આહ્‌વાન કરવામાં આવે છે.
- અખંડ જ્યોતિ તેમજ ત્રિદેવ જ્યોતિની પ્રાગટયતા પછી ઘટ- પાટની પૂજા દ્વારા પરમાત્માની મંત્રોપચાર દ્વારા પવિત્ર વાતાવરણમાં પંડિતના સ્વમુખે ઉચ્ચારિત તેમજ મુખી મહારાજના સ્વહસ્તે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનું પૂજન અર્ચન કરવામાં આવે છે.
- કળશને પ્રભુના પ્રતીક તરીકે લઈ તેમાં મંત્રોપચારથી શુદ્ધ જળ ભરી બ્રહ્મ સ્વરૂપે અક્ષત સ્થાપન કરી પરમાત્માનું ચરણામૃત તૈયાર કરવામાં આવે છે.
- કેસર, કસ્તુરી, ફૂલ, ચંદન, અત્તર, જેવાં સુગંધી દ્રવ્યોથી સર્વ દેવતાઓનું પૂજન તેમજ પ્રદક્ષિણા કરવામાં આવે છે.
- શુદ્ધ ઘી, ખાંડ, રવો, દૂધ, ચોખા, ગોળ, સૂકો મેવો, ફળ- ફળાદી વગેરેથી પ્રસાદ તૈયાર કરવામાં આવે છે.
- પ્રસાદના પાંચ ભાગ પૈકી પ્રથમ ભગવાન વિષ્ણુને પછી ક્રમશ : બ્રહ્મા, મહેશ્વર અને આદ્યશક્તિ તેમજ સર્વ દેવોને નૈવેદ્યના મંત્રો દ્વારા થાળ ધરાવવામાં આવે છે.
- થાળ અક્ષયપાત્રના મંત્ર દ્વારા અન્નપૂર્ણાના આશીર્વાદ લેવામાં આવે છે.

૪. સત્પંથનું સ્વરૂપ

(અ) દઢ નિશ્ચય (આ) પ્રતિજ્ઞા (ઈ) નિયમ

(અ) દઢ નિશ્ચય : (૧) સત્ય (૨) પુરુષાર્થ (૩) પ્રેમ
(૪) સમાન ભાવ (૫) અહિંસા (૬) પરોપકાર (૭) ક્ષમા

ઉપરના તત્ત્વોનું પાલન દઢ નિશ્ચયથી કરવું.

(૧) સત્ય : બોલવા અને આચરણમાં હંમેશાં સત્ય અને નિષ્કપટ બુદ્ધિ અને મૃદુવાણીનું અવલંબન કરવું.

(૨) પુરુષાર્થ : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

- **ધર્મ :** વેદોક્ત માર્ગનું પ્રેમથી આચરણ કરવું.
- **અર્થ :** જાત મહેનત અને પ્રમાણિકતાથી ધન મેળવવું. આ સાત્ત્વિક સંપત્તિ કહેવાય. પણ અન્યાય, જુલમ કે ખોટા માર્ગે મેળવેલી સંપત્તિનો ઉપભોગ કરનાર માણસ હીન બને છે. તેથી ન્યાય અને નીતિના માર્ગેથી જ ધન મેળવવું.
- **કામ :** વિષય સેવન કે ઈંદ્રિયોના ક્ષણિક ઉપયોગમાં ભેરવાઈ ન રહેવું. વાસનાઓ જીતી ઈંદ્રિયો ઉપર કાબૂ મેળવવો.
- **મોક્ષ :** વેદ વિહિત મુક્તિ માર્ગની સાધના મુજબ વર્તન રાખી મુક્તિનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું, એમ કરવામાં આવશે તો જ માનવ જન્મ સાર્થક થશે, અન્યથા માનવ અને પશુમાં ફરક નહીં રહે.

(૩) પ્રેમ : કોઇના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર કે અદેખાઈ ન રાખતાં, એકબીજા પ્રત્યે પ્રેમભાવથી રહેવું. દોષો તરફ ન જોતાં ગુણ ગ્રહણ કરી પ્રેમથી રહેવું.

(૪) **સમાનભાવ :** આપણામાં અને બીજામાં રહેલો આત્મા એક જ છે, એવી આત્મૌપમ્ય બુદ્ધિ રાખવી. આપણે બધા એક ઈશ્વરનાં બાળકો છીએ. કોઈ નાનું મોટું નથી એ દષ્ટિથી બધા સાથે બંધુત્વ ભાવથી રહેવું.

(૫) **અહિંસા :** સત્‌પંથ માર્ગમાં અહિંસા એ એક મહાન તત્ત્વ છે. પશુ-પક્ષી કે અન્ય પ્રાણીને મારવાથી જ હિંસા થાય છે તેમ જ વાણીથી “ માર ! ” એટલું કહેવાથી કે લાગણી દુભાવવાથી પણ હિંસા થાય છે . એથી નૈતિક અધ:પતન થાય છે.

(૬) **પરોપકાર :** સન્માર્ગે જનારા પ્રત્યેકને મદદ આપવા હંમેશાં તૈયાર રહેવું. શુદ્ધ બુદ્ધિથી અને નિષ્કામ ભાવથી દુ:ખીજનોની સેવા કરવી અને દરેકના કલ્યાણની ભાવના રાખવી તેમજ સત્પુરુષોની સેવા કરવી.

(૭) **ક્ષમા :** આપણને દુ:ખ કે કષ્ટ આપનારને ક્ષમા આપવી એ આપણી ફરજ છે.

(આ) પ્રતિજ્ઞા :

- સત્‌પંથની દરેક પ્રતિજ્ઞાનું પાલન કરવું, સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે વ્યવહાર કર્તવ્યપાલન અને ધર્મકાર્યમાં કેવી રીતે આચરણ રાખવું તે સંબંધે કરેલા નિયમોનું પાલન કરવું.
- બાળકોને સત્‌પંથની શિખામણ આપવી : પોતાનાં સંતાનોને બાળપણથી જ ધર્મ શિક્ષણ આપવામાં આવશે તો જ સંસ્કૃતિ ટકશે.
- અંધશ્રદ્ધાનો ત્યાગ અને જ્ઞાન દષ્ટિનું અવલંબન : અજ્ઞાન કે અંધશ્રદ્ધાથી રહેવામાં ખતરો છે. તેથી વેદ, ઉપનિષદો વગેરે સત્‌શાસ્ત્રો ઉપર તેમજ સદ્‌ગુરુ વચન ઉપર દઢ શ્રદ્ધા અને નિષ્ઠા રાખવી.

(ઈ) નિયમ :

(૧) શરીર શુદ્ધિ (૨) હ્રદય શુદ્ધિ (૩) વ્રત (૪) ઉપાસના (૫) ધ્યેય

(૧) શરીર શુદ્ધિ : લાઈસૂતક (વૃદ્ધિ - જનન શૌચ) સ્ત્રી, પ્રસૂતિ થયા

પછી તેણીએ સવા મહિનો એટલે ચાલીસ દિવસ અને ગોત્રજોએ અગિયાર દિવસ સુધી સૂતક પાળવું. **મરણ સૂતક :** મરણ પ્રસંગે પરિવારે (ગોત્રજોએ) સાત દિવસ સુધી સૂતક પાળવું, પરિવારે સાતમે દિવસે સૂતક ઉતરાવવું, આઠમે દિવસે પૂજા કરવી, સૂતક ઉતરાવ્યા પછી દેવદર્શને જઈ શકાય .

સૂતક ઉતરાવ્યા પછી ઘરને ધૂપ – દીપથી પવિત્ર કરાવવાં. રજસ્વલા સ્ત્રીઓ ૪ દિવસ (૭૨ કલાક) સુધી કોઈને સ્પર્શ કરવો નહીં, પછી સાતમા દિવસે લાઈસૂતક ઉતરાવવું . સ્નાન શૌચાદિ બાબતોમાં શાસ્ત્ર મુજબ વર્તવું અને સદ્‌ગુરુ વચન મુજબ ચરણામૃતથી તથા તીર્થ મંત્રૌપચારાદિથી શુદ્ધ થવું.

(૨) **હૃદય શુદ્ધિ :** અમલ (કેફી) પદાર્થો એટલે કે લસણ, ડુંગળી, હિંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, માંસ, મદિરા વગેરે નિષિદ્ધ વસ્તુઓનો ત્યાગ કરવો. કારણ કે આ પદાર્થોના સેવનથી માણસને નુકસાન થાય છે અને પ્રભુ ભજનથી પરાવૃત્ત થવાય છે . વ્યાજ, સવાઈ વ્યાજ અને વ્યભિચારના ચિંતનથી પણ મનુષ્યને હીનતા આવે છે. માણસ આત્મચિંતનથી દૂર રહે છે અને આસુરી સંપત્તિ વધે છે. આ મહાપાપથી મનુષ્યનું અધઃપતન થાય છે, તેથી વેદમાં નિષિદ્ધ કરેલ વસ્તુઓનો ત્યાગ કરી સાત્ત્વિક પદાર્થોનું સેવન કરવું . આથી હૃદય શુદ્ધિ થાય છે . મન પ્રભુ ભજનમાં તલ્લીન થાય છે . દૈવી સંપત્તિ વધે છે.

(૩) **વ્રત :** યુગ ધર્મ મુજબ દરેક મહિનાની સુદી બીજનું વ્રત કરવું, તેમજ મહા બીજનું મહાવ્રત કરવું . તેમજ દશાંશ પુણ્ય, પુણ્યતિથિ, શ્રાદ્ધ, ઉત્તર કાર્ય, પિંડ શ્રાદ્ધ વગેરે બાબતો સત્‌પંથ પૂજાવિધિ પ્રમાણે કરવાં .

(૪) ઉપાસના : નિત્ય દિનમાં ચતુષ્ટ સંધ્યા કરવી.

(૧) પ્રભાતે – સૂર્યોદય પહેલાં

(૨) બપોરે – બાર વાગ્યે .

(૩) સાંજે - સૂર્યાસ્ત સમયે .

(૪) મધ્યરાત્રિ - મધ્યરાત્રિએ.

સંધ્યા સમયે પ્રણવ મંત્રનું ધ્યાન ચિંતન કરવું અને સત્‌પંથના વચનાનુસાર વરુણદેવ વારિયજ્ઞ ઘટપાટ મહાપૂજા કરવી .

(૫) ધ્યેય : આજ કલિયુગના અંતિમ દશમા અવતાર આદ્ય વિષ્ણુ શ્રી નિષ્કલંકી નારાયણ તેમજ આદ્યશક્તિ માતાને તેમજ પ્રણવ મંત્ર “ ૐ ” ને ધ્યેય પુરુષ માનવા.

(૫) પ્રેરણા ચરિત્રો : ઉત્તમ પ્રેરણાદાયી ચરિત્રો સંકલન કરી મેળવી બાળ સભામાં રજૂ કરવાં.

(૬) બોધ વાર્તાઓ / બાળ વાર્તાઓ : સંદર્ભ બુકમાંથી / સંદર્ભ સ્ત્રોત.

(૭) હનુમાન ચાલીસા

॥ ચોપાઈ ॥

શ્રી ગુરુ ચરણ સરોજ રજ, નિજ મન મુકુર સુધારી,
બરનઉં રઘુબર બિમલ જસુ જો દાયક ફળ ચારી.
બુદ્ધિ હીન તહુ જાનીકે સુમિરો પવન કુમાર,
બળ બુદ્ધિ વિદ્યા દેહું મોહી હરહુ કલેશ વિકાર.

જય હનુમાન જ્ઞાન ગુણ સાગર,
જય કપીસ તીહુ લોક ઉજાગર.

રામ દૂત અતુલિત બલ ધામા,
અંજની પુત્ર પવન સુત નામા.

મહાવીર વિક્રમ બજરંગી,
કુમતિ નિવાર સુમતિ કે સંગી.

કંચન બરન વિરાજ સવેસા,
કાનન કુંડલ કુંચિત કેશા.

હાથ વજ્ર ઔર ધ્વજા બિરાજે,
કાંધે મુંજ જનેઉ સાજે.

શંકર સુવન કેસરી નંદન,
તેજ પ્રતાપ મહા જગ વંદન.

વિદ્યાવાન ગુણી અતિ ચાતુર,
રામ કાજ કરીબે કો આતુર.

પ્રભુ ચરિત્ર સુનિબે કો રસીયા,
રામ લખન સીતા મન બસીયા.

સૂક્ષ્મ રૂપ ધરી સીયહી દીખાવા,
વિકટ રૂપ ધરી લંક જલાવા.

ભીમ રૂપ ધરી અસુર સંહારે,
રામચંદ્ર કે કાજ સંવારે.

લાય સંજીવની લખન જીવાએ,
શ્રી રઘુબીર હરષિ ઉર લાયે.

રઘુપતિ કીન્હી બહુત બડાઈ,
તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ.

સહસ્ત્ર વદન તુમ્હારો યશ ગાવે,
અસ કહી શ્રીપતિ કંઠ લગાવે.

સનકાદિક બ્રમ્હાદિ મુનિસા,
નારદ સારદ સહીત અહીસા.

યમ કુબેર દિગ્પાલ જહાં તે,
કવિ કોવિદ કહી શકે કહાં તે.

તુમ ઉપકાર સુગ્રીવહી કીન્હા,
રામ મિલાય રાજ પદ દીન્હા.

તુમ્હારો મંત્ર વિભીષન માના,
લંકેશ્વર ભયે સબ જગ જાના.

યુગ સહસ્ત્ર જોજન જો ભાનુ,
લીલ્યો તાહી મધુર ફલ જાનુ.

પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહી,
જલધી લાંઘી ગયે અચરજ નાહી.

દુર્ગમ કાજ જગત કે જે તે,
સુગમ અનુગ્રહ તુમ્હારે તે તે.

રામ દુઆરે તુમ રખવારે,
હોત ન આજ્ઞા બિનુ પેસા રે.

સબ સુખ લહે તુમ્હારી સરના,
તુમ રક્ષક કાહુ કો ડરના.

અપના તેજ સમ્હારો આપે,
તીનોં લોક હાંકતે કાંપે.

ભૂત પિશાચ નિકટ નહિ આવે,
મહાબીર જબ નામ સુનાવે.

નાસે રોગ હરે સબ પીરા,
જપત નિરંતર હનુમત બીરા.

સંકટ સે હનુમાન છુડાવે,
મન કર્મ વચન ધ્યાન જો લગાવે.

સબ પર રામ તપસ્વી રાજા,
તીન કે કાજ સકલ તુમ સાજા.

ઔર મનોરથ જો કોઈ લાવે,
તાસુ અમિત જીવન ફલ પાવે.

ચારો જુગ પરતાપ તુમ્હારા,
હૈ પરસિદ્ધ જગત ઉજિયારા.

સાધુ સંત કે તુમ રખવારે,
અસુર નિકંદન રામ દુલારે.

અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા,
અસ બર દિન જાનકી માતા.

રામ રસાયન તુમ્હારે પાસા,
સદા રહો રઘુપતિ કે દાસા.

તુમ્હારે ભજન રામ કો ભાવે,
જનમ જનમ કે દુઃખ બિસરાવે.

અંત કાલ રઘુવીર પૂર જાઈ,
જહાં જનમ હરિભક્ત કહાઈ.

ઔર દેવતા ચિત્ત ન ધરઈ,
હનુમંત સેવી સર્વ સુખ કરઈ.

સંકટ હરે મિટે સબ પીરા,
જો સુમીરે હનુમંત બલવીરા.

જય જય જય હનુમાન ગુંસાઈ,
કૃપા કરો ગુરુદેવ કી નાઈ.

જો સત બાર પાઠ કરે કોઈ,
છુટે હી બંદી મહા સુખ હોઈ.

જો યહ પઢે હનુમાન ચાલીસા,
હોય સિદ્ધિ સાખી ગૌરીસા.

તુલસીદાસ સદા હરિ ચેરા,
કીજે નાથ હૃદય મહિ ડેરા.

યહ ચાલીસા ભક્તિયુત, પાઠ કરે જો કોઇ,
તાપર કૃપા પ્રસન્નતા, હનુમંત કી હોઈ.

॥ દોહા ॥

પવન તનય સંકટ હરણ મંગલમૂર્તિ રૂપ ।
રામ લખન સીતા સહિત હૃદય બસહુ સુર ભૂપ ॥

સીયાવર રામચંદ્ર કી જય । પવનસૂત હનુમાન કી જય ।
ઉમાપતિ મહાદેવ કી જય ॥

(૮) શ્રી નિષ્કલંકી નારાયણ ચાલીસા

સાખી

કૌન બતાવે પંથ જો, કરે આત્મ ઉદ્ધાર ,
ત્રિવિધ તાપકો જો હરે, સુખ દે અપરંપાર ।
કલિયુગમેં સત્પંથ હી, કરેગા ભવસે પાર ,
નારાયણ લેંગે સ્વયં, નિષ્કલંકી અવતાર ।।

જય નકલંક દશમ અવતારા । ભકતન કે તુમ સંકટહારા ।।
ચારો યુગ અવતાર હૈ લિન્હા । સાધુ સંત કો અતિ સુખ દિન્હા ।।
યુગ પ્રથમ આયે નરસિંહજી । દૂજે યુગ શ્રી રામચંદ્રજી ।
તીજે બાજે કૃષ્ણકી બંસી । ચૌથે પ્રકટેંગે નકલંકી ।।
સદ્ગુરુ બ્રહ્માને સ્તૃતિ ગાઈ । જંબુદ્વીપમેં હુઈ બધાઈ ।।
દશ અવતાર એક કરી માનો । પરમ તત્ત્વ કો તુમ પહચાનો ।।
અક્ષર બ્રહ્મ ૐ હૈ અનાદિ । સકલ સૃષ્ટિ કે હૈ વો સ્વામી ।।
હેત કરી એક ઈંડ ઉપાયા । ચૌદ ભુવનકા મહલ બનાયા ।।
મહામંત્રોને કીયા ઉજાલા । પ્રકટી ચારોં વેદ કી જ્વાલા ।।
બ્રહ્મદેવને કીન્હી તપસ્યા । લખ ચોર્યાસી જીવ બનાયા ।।
સત્ય ધર્મકા રાજ મિટેગા । ચારોં ઓર અધર્મ બઢેગા ।।
બ્રહ્માજી ફીર કરેંગે વિનંતી । કલિયુગમેં કાંપેગી ધરતી ।।
કલ્કિ બનકર મૈં પ્રકટુંગા । નાશ કલિકા સ્વયં કરુંગા ।।
નારાયણને વચન સુનાયા । સૃષ્ટિ કા સંતાપ મિટાયા ।।
અંત સમય કલિયુગકા હોગા । કાલિંગાકા જુલ્મ બઢેગા ।।
ચૈત્ર માસકી પૂર્ણિમા હોગી । વહી અવતારકી શુભ ઘડી હોગી ।।
શ્રી મહાદેવસે અશ્વ મિલેગા । વાયુસે ભી તેજ ઉડેગા ।।
રત્નસરુ તલવાર હૈ ઐસી । હરિકે ચક્ર સુદર્શન જૈસી ।।
જંબુદ્વીપ સાબરમતી તટ પર । ભોમ કુંવારિકાકે ઉપર ।।
શ્રી નિષ્કલંકી જબ આયેંગે । સેના અતિ વિરાટ લાયેંગે ।।
એક સમ્રાટ વહાં આયેગા । નકલંકીકે દર્શન પાયેગા ।।

શ્રી નકલંકી કૃપા કરેંગે । આદિ સત્પંથ ધર્મ કહેંગે ॥
મહાચીનમેં વિશમનપુરી । હોગી વહી કલિકી નગરી ॥
બનકર દૂત જાયેંગે હનુમંત । ચેત કાલિંગા આ ગયે ભગવંત ॥
દુર્બુદ્ધિ કાલિંગા ન માને । નારાયણ કો નહિ પહચાને ॥
લાકર સૈન્ય બડા હુંકારે । શ્રી નિષ્કલંકીકો વો લલકારે ॥
કાલિંગાકી હૈ સુરજારાણી । મહિમા નારાયણકી પિછાણી ॥
શ્રી નિષ્કલંકી વચન સુનાયે । રાનીકે મનકો અતિ ભાયે ॥
સુરજા જાયેગી પુત્રકો લેકર । માલા ધરેગી કલિકે શિર પર ॥
પુષ્પ બનેંગેં ચક્ર સુદર્શન । કાલિંગાકી કટેગી ગરદન ॥
અતુલિત બલશાલી નકલંકી । મ્લેચ્છ સેના મિટાયેંગે સઘલી ॥
નિષ્કલંકીસે કલિયુગ ભાગે । ધરતી પર ફિર સત્યુગ જાગે ॥
હોગા સ્વયંવર કુંવારિકાકા । વરન કરેગી નકલંકીકા ॥
નૌ ખંડ મેં નકલંકી રાજ હો । ભકતોંકે સબ પૂર્ણ કાજ હો ॥
વચન દીયા હૈ જો ગીતામેં । આયેંગે નકલંકી નિભાને ॥
સદ્ગુરુ પ્રેરણાપીઠ રચાયે । ભકતોંકો સત્પંથ બતાયે ॥
અમર હૈ જો અવિનાશ કી જયોતિ । હેમપુરીમેં વો હૈ પ્રગટી ॥
આદ્ય જગદ્ગુરુ કરસનદાસજી । મહિમા બઢાઇ શ્રી સત્પંથકી ॥
શ્રી નિષ્કલંકી નારાયણકી । ચાલીસા હરે પીડા મનકી ॥
વેદ પુરાનમેં જો હૈ સમાઇ । સદ્ગુરુને વહી સ્તુતિ સુનાઇ ॥

॥ દોહા ॥

રાહ દિખાવે મોક્ષકી, કલિયુગ મેં સત્પંથ ।
પ્રેમ ભક્તિસે પૂજીએ, શ્રી નિષ્કલંકી ભગવંત ॥

ૐ નમો શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનાય ।
ભસ્માયુધાય વિદ્મહે દિવ્યનૈત્રાય ધીમહિ ॥
તન્નોજવહરઃ પ્રચોદયાત્ ।
ૐ શાંતિઃ । ૐ શાંતિઃ । ૐ શાંતિઃ ॥

(૯) ધૂન

ધૂન-૧

શ્રીમન્ન નારાયણ નારાયણ નારાયણ ...
સ્વામી નારાયણ નારાયણ નારાયણ...
નિષ્કલંક નારાયણ નારાયણ નારાયણ...
બ્રહ્મા નારાયણ, વિષ્ણુ નારાયણ, શિવ નારાયણ નારાયણ નારાયણ...
માતા નારાયણ, પિતા નારાયણ, ગુરુ નારાયણ નારાયણ નારાયણ...
સૂર્ય નારાયણ, ચંદ્ર નારાયણ, તારે નારાયણ નારાયણ નારાયણ..
નિષ્કલંક નારાયણ નારાયણ નારાયણ...

ધૂન-૨

ઓમકાર મેરો હૈ,..
ઓમકાર મેરો હૈ, શ્રીનિષ્કલંક નાથ ભગવાન મેરો હૈ..
સત્પંથ મેરો હૈ ...સત્પંથ મેરો હૈ..
શ્રી નિષ્કલંકી નાથ ભગવાન મેરો હૈ..

ધૂન-૩

ઓમ શ્રી નિષ્કલંકી નારાયણ બોલો ...
ઓમ શ્રી નિષ્કલંકી નારાયણ બોલો...
નારાયણ બોલો હરિ નારાયણ બોલો ...
ઓમ શ્રી નિષ્કલંકી નારાયણ બોલો...
નારાયણ બોલો.. પ્રેમે નારાયણ બોલો...
ઓમ શ્રી નિષ્કલંકી નારાયણ બોલો...

(૧૦) આરતી

અલખ ધણીની આરતીને રૂડા ચમ્મર ઢળાય,
સ્વામીજીને છત્તર ઢળાય,
ચંદનને કેશરનાં સ્વામીજીને છાંટણાં છંટાય (૨)
જય જય નકલંકી સ્વામી નકલંકી.
પહેલા કર્તાયુગમાં સ્વામીજીના સોનાના છે પાટ,
સ્વામીજીના સોનાના છે ઘટ,
સોનાને સિંહાસન બેઠા શ્રી નરસિંહજી ભગવાન (૨)
જય જય નકલંકી સ્વામી નકલંકી.
બીજા ત્રેતા યુગમાં સ્વામીજીના રૂપાના છે પાટ,
સ્વામીજીના રૂપાના છે ઘટ,
રૂપાને સિંહાસન બેઠા શ્રી રામચંદ્રજી ભગવાન (૨)
જય જય નકલંકી સ્વામી નકલંકી.
ત્રીજા દ્વાપર યુગમાં સ્વામીજીના ત્રાંબાના છે પાટ,
સ્વામીજીના ત્રાંબાના છે ઘટ,
ત્રાંબાને સિંહાસન બેઠા શ્રી કૃષ્ણજી ભગવાન (૨)
જય જય નકલંકી સ્વામી નકલંકી.
ચોથા કલિયુગમાં સ્વામીજીના માટીના છે પાટ,
સ્વામીજીના માટીના છે ઘટ,
માટીના સિંહાસન બેઠા શ્રી નિષ્કલંકી ભગવાન (૨)
જય જય નકલંકી સ્વામી નકલંકી.
આ રે આરતી સદ્‌ગુરુ બ્રહ્માજીએ ગાઈ,
જંબુના દ્વીપમાં હુઈ રે વધાઈ,
જય જય નકલંકી સ્વામી નકલંકી.
અલખ ધણીની આરતીને રૂડા ચમ્મર ઢળાય,
સ્વામીજીને છત્તર ઢળાય,
ચંદનને કેશરનાં સ્વામીજીને છાંટણાં છંટાય,
જય જય નકલંકી સ્વામી નકલંકી.

(૧૧) સંતોની પુણ્યતિથિ ઉજવણી	તિથિ
પૂ. આદ્ય જગદ્ગુરુ શ્રી કરસનદાસજી મહારાજ તીર્થધામ-પ્રેરણાપીઠ.	આસો સુદ - ૧૩
પૂ. બ્રહ્મલીન જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તીર્થધામ-પ્રેરણાપીઠ.	કારતક સુદ - ૦૩
પૂ. સંતશ્રી નાયાજી મહારાજ, કુક્સ, વડોદરા.	ભાદરવા સુદ - ૦૨
પૂ. સંતશ્રી ભાભારામ મહારાજ, દેવાગામ, નડિયાદ.	ભાદરવા સુદ - ૦૪
પૂ. સંતશ્રી કીકીબાઈ, ઋણ, નડિયાદ.	ભાદરવા સુદ - ૦૫
પૂ. સંતશ્રી માતાજી કુંવરમા, દરશડી, કચ્છ.	આસો વદ - ૧૪
પૂ. સંતશ્રી નથ્થુરામબાપા, પાવનધામ, વડાલીકંપા.	મહા સુદ - ૧૫
પૂ. સંતશ્રી રામદાસ બાપુ - તીર્થધામ-પ્રેરણાપીઠ.	વૈશાખ સુદ - ૦૧
પૂ.મહંતશ્રી જગન્નાથજી મહારાજ, સંતકૃપા આશ્રમ ફૈજપુર.	માગસર સુદ - ૦૧
પૂ. મહંતશ્રી શિવગણદાસજી મહારાજ, અલખધામ-કાદિયા મોટા.	વૈશાખ સુદ - ૦૬
પૂ. મહંતશ્રી સોમદાસજી મહારાજ, દિવાળીપુરા,વડોદરા.	અષાઢ સુદ - ૧૪
પૂ. મહંતશ્રી ગંગેશ્વરદાસજી મહારાજ - પ્રેરણાપીઠ.	અષાઢ સુદ - ૦૬
પૂ. સંતશ્રી તુલસીબાપા - પાવનધામ, વડાલીકંપા.	માગસર સુદ - ૧૪
પૂ. સંતશ્રી કાનજી બાપા - લક્ષ્મીપુરા, ખેડબ્રહ્મા.	કારતક વદ -અમાસ
પૂ. સંતશ્રી નારણબાપા - મેત્રાલકંપા, ખેડબ્રહ્મા.	વૈશાખ સુદ - ૧૪
પૂ. સંતશ્રી શામજીદાદા - વડાગામ, વજેપુરા.	અષાઢ વદ - ૦૯
પૂ. મહામંડલેશ્વર જયરામહરિજી મહારાજ - પ્રેરણાપીઠ.	મહા સુદ - ૦૮
પૂ. સંતશ્રી માવજીદાસજી મહારાજ-કાદીયા મોટા, કચ્છ.	માગસર વદ - ૦૯
પૂ. સંતશ્રી જયભગવાન બાપા - લક્ષ્મણપુરાકંપા, વડાલી.	આસો સુદ - ૧૧
પૂ. આચાર્યશ્રી સવજીદાસજી મહારાજ - પ્રેરણાપીઠ.	વૈશાખ વદ - ૧૧
પૂ. મહંતશ્રી શિવગણદાસજી મહારાજ - કુક્સ, વડોદરા.	પોષ વદ - ૦૫

(૧૨) તહેવારોનું મહાત્મય (મહિમા)

જાન્યુઆરી	ઉત્તરાયણ (દાનનો મહિમા) - ૧૪ જાન્યુઆરી. પ્રજાસત્તાક દિન (દેશનો મહિમા) - ૨૬ જાન્યુઆરી.
ફેબ્રુઆરી	વસંતપંચમી (સરસ્વતી ઉપાસના). મહાશિવરાત્રી (શિવ ઉપાસના).
માર્ચ	હોળી (ભક્ત પ્રહલાદનો મહિમા). ધૂળેટી (આનંદ, ભાઈચારા, પ્રેમનો ઉત્સવ).
એપ્રિલ	અમૃત મહોત્સવ (સંઘ મેળો). રામ નવમી (રામનો જન્મદિવસ). હનુમાન જયંતી (હનુમાનનો જન્મ દિવસ).
જૂન	ગુજરાત સ્થાપના દિન – ૧ મે. અષાઢી બીજ (કચ્છીઓનું નવું વર્ષ). આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૧જૂન.
જુલાઈ	ગુરુપૂર્ણિમા (ગુરુભક્તિ).
ઓગસ્ટ	રક્ષાબંધન (ભાઈ -બહેનનો તહેવાર). સ્વાતંત્ર્ય દિવસ(ભારત દેશની આઝાદી) ૧૫ ઓગસ્ટ. જન્માષ્ટમી (કૃષ્ણ ભગવાનનો જન્મ દિવસ).
સપ્ટેમ્બર	દશેરા (રાવણનો વધ).
ઓક્ટોબર / નવેમ્બર	દિવાળી (હિંદુઓનું નવું વર્ષ).

(૧૩) નિત્ય દર્શનની સમજ

- મંદિરમાં પ્રવેશતાં પરમાત્માને પ્રણામ કરી નમસ્કારનો મંત્ર બોલવો.
- નમસ્કારનો મંત્ર પૂર્ણ થયા બાદ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી દિવ્ય અખંડ જ્યોતનો મંત્ર બોલવો.
- મારામાં પરમાત્માની દિવ્ય શક્તિ આવી રહી છે અને દિવ્યતા પ્રગટી રહી છે એવા ભાવ સાથે ચરણામૃત (પાવળ)નું આચમન કરવું (પીવું) .
- પરમાત્માના દિવ્ય ગુણોને ધારણ કરી રહ્યો છું અને મારું મન પવિત્ર બનાવી રહ્યો છું, તેવા ભાવ સાથે ચંદન -તિલક કરવું.
- પરમાત્માએ બનાવેલ સૃષ્ટિની પ્રદક્ષિણા કરી રહ્યો છું અને સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહ્યો છું, તેવા ભાવ સાથે પ્રદક્ષિણા કરવી (જમણું અંગ કેન્દ્ર- સન્મુખ રાખી પ્રદક્ષિણા કરવી).
- ક્ષમા માગવાનો મંત્ર બોલી પ્રણામ કરવા.

(૧૪) સત્‌પંથ - તીર્થ સ્થાનો

- શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન, તીર્થધામ-પ્રેરણાપીઠ.
- શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા, કચ્છ.
- સંત શ્રી નાયાજી મહારાજ મંદિર - કુકસ, વડોદરા.
- સંત શ્રી ભાભારામ મહારાજ મંદિર - દેવા, ખેડા.
- સંત શ્રી કીકીબાઈનું મંદિર - ઋણ, નડિયાદ - ખેડા.
- શ્રી સત્‌પંથ સંતકૃપા આશ્રમ – ફૈજપુર, મહારાષ્ટ્ર.
- શ્રી અથર્વવેદી સત્‌પંથ સેવા આશ્રમ - કાદીયા મોટા, નખત્રાણા.
- સંત માતૃશ્રી કુંવરમા આશ્રમ - દરશડી, માંડવી - કચ્છ.
- સંત માતૃશ્રી કુંવરમા આશ્રમ – વજેપુરાકંપા, બાયડ.
- સંત શ્રી નથ્થુરામબાપા આશ્રમ પાવનધામ – વડાલીકંપા, વડાલી.
- બ્રહ્મલીન પ.પૂ.આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજ અને બ્રહ્મલીન પૂ.જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ સ્મૃતિ મંદિર - પ્રેરણાપીઠ.
- સંતશ્રી રામદાસ બાપુ સ્મૃતિ ધામ – પ્રેરણાપીઠ.
- ૐ શ્રી હરિધામ – લક્ષ્મીપુરાકંપા.
- સંતશ્રી જય ભગવાન તીર્થધામ - સંત કુટીર, લક્ષ્મણપુરાકંપા.

(૧૫) અમૃત મહોત્સવ (સંઘ મેળો)

- તીર્થધામ-પ્રેરણાપીઠ મધ્યે યોજાતો અમૃત મહોત્સવ એ સંઘ મેળાના નામે જાણીતો ઉત્સવ છે.
- દર વર્ષે ચૈત્ર સુદ-૨ના દિવસે ભારતભરના ભાવિક ભક્તો કે જેમને પ્રભુ શ્રી નિષ્કલંકી નારાયણમાં અગાધ શ્રદ્ધા છે તેવા પોતાના વતનથી પદ યાત્રા કરી પ્રેરણાપીઠ શ્રદ્ધા ભક્તિનો મહિમાનું ગાન કરતા પહોંચે છે. આવાં અનેક કષ્ટો વેઠી આવતા પદયાત્રીઓના સંઘોનાં ભવ્યાતિભવ્ય સામૈયાં પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય મહારાજશ્રીના હસ્તે ખૂબ જ ધામ ધૂમથી વાજતે ગાજતે કરવામાં આવે છે.
- શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના જય ઘોષ સાથે સમગ્ર વાતાવરણ આનંદ ઉલ્લાસથી હૈયે હૈયાં હૃદયના ભાવથી છલકાય છે.
- આ શુભ દિને લાખો યાત્રાળુઓ પ્રભુનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. સાથે સાથે અન્નપૂર્ણા - અન્નક્ષેત્ર દ્વારા તૈયાર થયેલ ભોજન પ્રસાદ લઈ અંતરથી ધન્યતા અનુભવે છે.

(૧૬) ગુરુ પૂર્ણિમા મહોત્સવ

- તીર્થધામ-પ્રેરણાપીઠ મધ્યે ગુરુ મહિમાનું મહત્ત્વ પ્રદર્શિત કરતો, ગુરુ પૂજન કરવાનો અનેરો અવસર છે.
- અષાઢ સુદ -૧૫ના પવિત્ર દિને હજારોની સંખ્યામાં સેવકો હરિભક્તોની ઉપસ્થિતિમાં પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્યશ્રીના કરકમળોથી પૂજા ભવનમાં શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની ચરણ પાદુકાઓનાં તેમજ સદ્‌ગુરુ મહારાજના સ્મૃતિ સ્થાને સદ્‌ગુરુ મહારાજની ચરણ પાદુકાઓને પવિત્ર જળ દ્વારા પખાળી તેનું ચરણામૃત લેવામાં આવે છે.
- આ પ્રસંગે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની પવિત્ર ચરણ પાદુકાઓનાં તેમજ સદ્‌ગુરુની પવિત્ર ચરણ પાદુકાઓનાં પૂજન અર્ચન કરી આરતી ઉતારવામાં આવે છે.
- ત્યારબાદ જાહેરસભાના રૂપમાં સૌ સાથે મળી ગુરુપૂજન કરી ગુરુપૂર્ણિમા મહોત્સવ મનાવવામાં આવે છે.

(૧૭) ચંદન - તિલક : મહત્ત્વ

પ્રભુના ચરણારવિંદનું પ્રતીક ગણાય છે.
'પ્રભુ મારા છે અને હું પ્રભુનો છું' તે અર્થમાં 'સૌભાગ્યનું પ્રતીક' એટલે ચંદન - તિલક.

- બ્રહ્મરૂપ થઈ પરમ બ્રહ્મની ભક્તિનો સૂચક સંદેશ છે.
- પ્રભુના ચરણોમાં ભક્તની દાસ ભાવે ભક્તિ સૂચવે છે.
- ભારતીય ધર્મ પ્રણાલી અનુસાર કપાળની વચ્ચે આજ્ઞાચક્ર પર ચંદનનો લેપ કરવાથી આજ્ઞાચક્ર પવિત્ર રહે છે અને મન સ્થિર, શાંત અને નિર્મળ બને છે.
- ચંદન- તિલક પવિત્રતાની નિશાની છે તેથી દુર્ગુણોથી દૂર રહેવાનું મન થયા કરશે.
- પ્રભુના આશીર્વાદ રહેશે.
- પ્રભુ સદાય રક્ષા કરશે તેવી ભાવના પ્રગટશે.
- ચહેરાની શોભા વધારનાર છે(ચહેરાનું ઘરેણું છે).
- શૂરવીરતા વધારનાર (જગાડનાર) છે.

(૧૮) પ્રદક્ષિણા : મહત્ત્વ

- દેવ દર્શન પછી પ્રદક્ષિણાની પ્રથા વૈદિકકાળથી પ્રચલિત છે. ધાર્મિક ક્રિયાઓ નિર્વિઘ્ને પૂર્ણ કરવા પ્રદક્ષિણાનું વિધાન વૈદિક વિચારકોએ બતાવ્યું છે.
- મન અને શરીરને પ્રભુ ભક્તિમાં લીન કરી લયબદ્ધ બનાવવા પ્રદક્ષિણા મહત્ત્વનો ભાગ ભજવે છે.
- પ્રદક્ષિણા -પરિક્રમા વખતે સમગ્ર સૃષ્ટિની પરિક્રમા કરી રહ્યા છીએ તેવું માનવાથી પ્રભુ પ્રત્યે સ્નેહ વધે છે.

- જે પણ દેવી - દેવતાની પ્રદક્ષિણા કરી રહ્યા હો તેનું અવશ્ય ધ્યાન ધરવું.
- પ્રદક્ષિણા કરનારનું જમણું અંગ દેવી -દેવતાની તરફ રહે તેમ પ્રદક્ષિણા કરવામાં આવે છે. .

(૧૯) પ્રાર્થના : મહત્ત્વ

- પ્રાર્થના એ પરમ કૃપાળુ પરમાત્મા સાથેનો અંતઃકરણપૂર્વકનો વાર્તાલાપ છે.
- પ્રાર્થના એ આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર શુભ વાહક છે.
- પ્રાર્થના એ હૃદયનું સ્નાન છે.
- પ્રાર્થના એ ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.
- પ્રાર્થના એ આત્માની અનંત શક્તિઓને જગાડનાર દૈવી બળ છે.
- પ્રાર્થના એ એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે.
- પ્રાર્થના એ શ્રદ્ધાના માધ્યમ દ્વારા પ્રભુ સાથે ચાલતો અગમ્ય, અમોઘ આંતરિક વિનિમય છે.
- પ્રાર્થના એ પ્રભુની આત્મા પર વરસતી અસીમ આધ્યાત્મિક કૃપાનું એક માત્ર અનન્ય દ્વાર છે.
- પ્રાર્થના એ શુભ સવારની ચાવીને સંધ્યાકાળની સાંકળ છે.
- પ્રાર્થનાથી મનને શાંતિ તેમજ તાજગી મળે છે.
- પ્રાર્થનાથી અંતઃકરણ પવિત્ર બને છે.
- પ્રાર્થનાથી સ્વભાવ સુધરે છે.
- પ્રાર્થનાથી ધર્મ પ્રત્યેની આસ્થા સુદૃઢ બને છે.

(૨૦) આરતી - સેવા

- પ્રભુને અંતરનો પોકાર છે...સ્તુતિ છે...
- પ્રકાશનું દિવ્ય પ્રતીક છે.
- દિવ્ય પ્રકાશ તેમજ દિવ્ય ધ્વનિનો સુબદ્ધ સમન્વય છે.
- પ્રભુને મન મંદિરમાં પધારવાનું પવિત્ર આમંત્રણ છે.
- માનસિક શાંતિનો અનુભવ કરાવનાર શુદ્ધ સાધન છે.
- પ્રભુ પ્રત્યે પ્રીતિ જગાવનાર જંતર છે.
- ઘંટ, નગારાં, ઝાલર, શંખનાદ, ઢોલ વગેરે માનવીના ભકિતભાવને જાગૃત કરે છે.

(૨૧) મંદિર

- પ્રભુને મળવાનું...દર્શન કરવાનું...મસ્તક નમાવવાનું પવિત્ર ધામ.
- પ્રભુને Thank You કહેવાની ખાનગી જગ્યા.
- પ્રભુનું વૈકુંઠ ધામ.
- હૃદયમાં શાંતિનો અહેસાસ કરાવનાર વિદ્યાપીઠ.
- ભક્તની ભક્તિની ગંગોત્રી.
- મનને સ્થિર કરવાનું પવિત્ર સ્થાન.
- પ્રભુને ભાવથી ભેટવાનું સ્વર્ગીય સ્થળ.
- આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર,
- હિંદુત્વનું એક અભિન્ન અંગ.

(૨૨) સત્સંગ શા માટે ?

- સંતોનું સાનિધ્ય પ્રાપ્ત થાય.
- પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને ભાવના સુદઢ થાય.
- મન શાંતિનો અનુભવ કરે.
- અંતરની દષ્ટિનો ઉગાડ થાય.
- અંતઃકરણ શુદ્ધ થાય.
- લૌકિક પારલૌકિક લાભ થાય.
- જીવન પલટી શકાય.
- જીવનના અનેક પ્રશ્નોનું નિરાકરણ મળે.

(૨૩) સાષ્ટાંગ દંડવત પ્રણામનું મહત્ત્વ

- આઠ અંગો : મસ્તક (કપાળ), દષ્ટિ (આંખ), છાતી, હાથ, પગ, ઘૂંટણ, વાણી અને મન.... આ અંગો સાથે પ્રભુને પ્રણામ કરવા.
- સમર્પણના ભાવનું પ્રતીક છે.
- આધ્યાત્મિક, માનસિક અને શારીરિક લાભ પ્રાપ્ત કરી શકાય છે.

(૨૪) મંત્ર જાપનું મહત્ત્વ

- શ્વાસે શ્વાસે પ્રભુનામ રટણ કરતાં મંત્ર જાપ કરાય છે.
  તેનાથી.......
  એકાગ્રતા વધે છે.
  પ્રભુમાં શ્રદ્ધા વધે છે.
  આત્માનું તેજ વધે છે.
  મન શાંત બને છે.
  શરીરનું સ્વાસ્થ્ય સારું રહે છે.
  મનની શક્તિ સુદઢ થાય છે.

(૨૫) શાસ્ત્ર - પઠન - મનન : મહત્ત્વ

- જીવનની સાચી દિશા મળે છે.
- પ્રભુ ઉપાસનાને જીવંત બનાવે છે.
- સંસ્કારનું સંવર્ધન થાય છે.
- મનુષ્યના વર્તનમાં વિવેક જાગૃત થાય છે.
- મનમાં આનંદની અનુભૂતિ થાય છે.
- સંપ્રદાયની અસ્મિતા વધે છે, નિષ્ઠાનું પોષણ થાય છે.

(૨૬) ધ્યાનનું મહત્ત્વ

- પતંજલિના અષ્ટાંગ યોગમાં સાતમા ક્રમનું સમાધિ પહેલાંનું અંગ એ ધ્યાન છે.
- ધ્યાનથી મન શાંત અને પવિત્ર બને છે.
- આધ્યાત્મિકતામાં પ્રગતિ કરવા માટે ધ્યાન અસરકારક પરિબળ છે.
- ધ્યાનથી આપણો આત્મવિશ્વાસ દૃઢ થાય છે.
- આત્મા અને પરમાત્મા સુધી પહોંચવાની કડી ધ્યાન છે.
- જેમ શરીરના વિકાસ માટે ભોજનની જરૂર હોય છે તેમ આપણા આત્માના વિકાસ માટે ધ્યાનની જરૂર હોય છે.
- નિયમિત ધ્યાનથી સ્વાસ્થ્ય સારું રહે છે.
- દરરોજ દસ મિનિટ ધ્યાન કરવાથી આપણી એકાગ્રતા વધે છે.
- ધ્યાનથી જીવનમાં અસરકારક બદલાવ લાવી શકાય છે.
- ધ્યાનથી પ્રેમ, કરુણા અને દયા જેવા આત્મીય ગુણોનો વિકાસ થાય છે.
- ધ્યાનના અભ્યાસ માટે પ્રેરણાપીઠ ખાતે **"મનસા ધ્યાન કેન્દ્ર"** વર્ષ ૨૦૨૨થી કાર્યરત છે.

(૨૭) પ્રેરણા સંકલ્પો

- સવાર-સાંજ મંદિરે દર્શનાર્થે જઈશું...
- મંદિરે જઈ પ્રભુને પ્રણામ કરી ગુરુવંદના કરીશું...
- ચંદન-તિલક કરી ચરણામૃત લઈશું...
- માતા-પિતા-વડીલો-ગુરુજનોને પ્રણામ કરીશું...
- પ્રેરણા બાલ સભામાં નિયમિત જઈશું...
- બજારની ખાણી-પીણીથી દૂર રહીશું...
- વ્યસનથી દૂર રહીશું...
- લસણ-ડુંગળી-હિંગ-તમાકુ- તામસી પદાર્થોનો ત્યાગ કરીશું...
- સારા મિત્રોની મિત્રતા કરીશું...
- ધાર્મિક પુસ્તકોનાં વાંચન-મનન કરીશું...
- સત્યનું પાલન કરીશું... વિશેષ અભ્યાસ કરીશું...
- શિક્ષાપત્રીના નિયમોનું પાલન કરીશું...
- મોબાઈલનો ઉપયોગ વિવેકપૂર્વક કરીશું...
- ગુરુવાર તેમજ સુદબીજના વારિયજ્ઞમાં અચૂક હાજરી આપીશું...

(૨૮) સત્‌પંથ સાહિત્યો

૧. સનાતન સત્‌પંથ વારિયજ્ઞ-પૂજાવિધિ.
૨. સત્‌પંથ શિક્ષાપત્રી સાર.
૩. સત્‌પંથ ધર્મ દર્શન.
૪. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ જીવન વૃતાંત.
૫. આત્મજ્ઞાન પ્રકાશ.
૬. સંત શ્રી ભાભારામ મહારાજ સુબોધ.
૭. યોગવાણી.
૮. મૂળબંધ ગ્રંથ સાર.
૯. મન ચિંતામણિ.
૧૦. અમૃતવાણી.
૧૧. સનાતન સત્‌પંથ વારિયજ્ઞ-પૂજાવિધિ (પોકેટ).
૧૨. સત્‌પંથ ધર્મ જ્ઞાન દીપ.
૧૩. સદ્‌ગુરુની શિખામણ (ગુજરાતી-હિન્દી-અંગ્રેજી).
૧૪. શ્રી નિષ્કલંકી નારાયણ ચાલીસા.
૧૫. શ્રીમદ્ ભાગવત દશાવતાર.
૧૬. નિત્ય પ્રાર્થના પાઠ.
૧૭. સત્‌પંથ નવનીત.
૧૮. સદ્‌ગુરુવાણી.
૧૯. ઉત્તમ અમૃતધારા
૨૦. પરમ શ્રદ્ધેય આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજ જીવન વૃતાંત
૨૧. તીર્થધામ-પ્રેરણાપીઠ દર્શન
૨૨. સત્‌પંથ સંત રત્નો

(C) રમતો

- સાંઘિક રમતો.

એકાગ્રતા વધારનાર, બુદ્ધિ આંક વધારનાર તેમજ શારીરિક વિકાસને લગતી રમતો, સંગઠન ભાવ વધારનાર રમતો વગેરે.....

ઉદાહરણ : (૧) ઊભી ખો (૨) કેટલા રે કેટલા (૩) કેપ્ટન કેપ્ટન એક્શન બદલ (૪) સંગીત ખુરશી (૫) સતોલિયા (૬) લંગડી (૭) અંક શ્રેણી ૧,૨,૩,૪ તાલી ૬,૭....... (૮) રૂમાલ લેવો બે ટીમ બનાવીને (૯) ટામેટું રે ટામેટું (૧૦) સોમવાર મંગળવાર બુધવાર .....(૧૧) ચકલી ઉડે... (૧૨) આંધળો પાટો (૧૩) રામ- રાવણ (૧૪) થપ્પો (૧૫) કબડ્ડી (૧૬) વંજપાટો


(D)યોગ પ્રાણાયામ

(૧) **આસનો :** પદ્માસન, વજ્રાસન, સર્વાંગાસન, હલાસન, પાદપશ્ચિમોત્તાનાસન, નૌકાસન (પિચોટી માટે), સિંહાસન, તાડાસન, ધનુરાસન, મયુરાસન વગેરે... (સંદર્ભ સ્ત્રોત– પરથી)

(૨) સૂર્ય નમસ્કાર :

આદિ દેવ નમસ્તુભ્યમ્, પ્રસિદ મમ ભાસ્કર દિવાકર નમસ્તુભ્યમ્, પ્રભાકર નમો સ્તુતે ॥

(૧) ૐ મિત્રાય નમઃ (૨) ૐ રવયે રવાયે નમઃ (૩) ૐ સૂર્યાય નમઃ (૪) ૐ ભાનવે નમઃ (૫) ૐ ખગાય નમઃ (૬) ૐ પૂષ્ણે નમઃ (૭) ૐ હિરણ્યગર્ભાય નમઃ (૮) ૐ મરિચયે નમઃ (૯) ૐ આદિત્યાય નમઃ (૧૦) ૐ સાવિત્રે નમઃ (૧૧) ૐ અર્કાય નમઃ (૧૨) ૐ ભાસ્કરાય નમઃ (૧૩) ૐ સવિતું સૂર્યનારાયણાય નમઃ


Surya
Namaskar
1
2
3
4
5
6
7
8
9
10
11
12

(૩) પ્રાણાયામ

(૧) ૐ કારનાદ (૨) અનુલોમ - વિલોમ (૩) કપાલભાતિ
(૪) ભસ્ત્રિકા (૫) ભ્રામરી (સંદર્ભ સ્ત્રોત પરથી)

(E) સમાપન

૧. ગાયત્રી મંત્ર

શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી મંત્ર :

ૐ નમો શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનાય ।
ભસ્માયુધાય વિદ્મહે દિવ્ય નૈત્રાય ધીમહિ
તન્નો જ્વરહરઃ પ્રચોદયાત્ ।
ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ।।

(૨) નારા

- સફેદ ધજા - સદા લહેરાતી રહો
- શ્રી સત્પંથ ધર્મ - અખંડ રહો
- ફૂલોસે ભી પ્યારા હૈ - સત્પંથ હમારા હૈ
- સત્પંથી સતપંથી - ભાઈ ભાઈ
- વ્યસન મનુષ્યકા - દુશ્મન હૈ
- સત્પંથી જનો - સદા વ્યસન મુક્ત રહો
- માતા-પિતા કા - આદર કરો
- ભારત માતાકી - જય જય કાર હો
- ધર્મ કા જય હો - અધર્મ કા નાશ હો
- ગૌ માતાકી - રક્ષા કરો
- વિશ્વ કા - કલ્યાણ હો

(૩) રાષ્ટ્રગાન

જન ગણ મન અધિનાયક જય હે ભારત ભાગ્ય વિધાતા,
પંજાબ સિંધ ગુજરાત મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ,
વિંધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ જલધિ તરંગ,
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જન ગણ મંગલદાયક જય હે ભારત ભાગ્યવિધાતા,
જય હે, જય હે, જય જય જય જય હે.....

(૪) ધ્વજ અવરોહણ (ઉતારવો).
(૫) પ્રસાદ વિતરણ.
(૬) વિસર્જન.

(૪) પ્રેરણાબાળ સભાના લાભ

- બાળકો ગળથૂથીમાંથી જ સત્યંવદ, ધર્મંચરના પાઠ શીખે છે.
- બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે.
- બાળકોમાં શારીરિક, માનસિક, બૌધિક, મનો સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ થાય છે.
- બાળકનો સર્વાંગી વિકાસ થાય છે.
- સુખી કુટુંબની રચનાનો પાયો દઢ થાય છે.
- સ્થિર સમાજની કલ્પના સાકાર થાય છે.
- શાંતિમય વિશ્વ સર્જનની પરિકલ્પના તૈયાર થાય છે.
- વિશ્વ કુટુંબકમ્‌ની ભાવના ઉજાગર થાય છે.


અથર્વવેદ આધારીત
સત્પંથ વારિયજ્ઞ
તેતરીસ કરોડ દેવો
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ
આદ્યશક્તિ


गायत्री बीसा यंत्र
श्री दत्तात्रेय यंत्र

तीर्थधाम-प्रेरणापीठ



